ક્ર. ચોથી જમીન-૨ એન.એ. એસ.આર. ૪૪/૧૫
જિલ્લા કલેક્ટરની કચેરી,
૧૦ માળ બીજા માળ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા. ૨૦/૦૭/૨૦૧૫

<u>વંચાણમાં લીધું</u> :-

(૧) અરજદારશ્રી લીલાબેન કાંતિભાઈ બબાભાઈની વિધવા વિગેરે રહે. મોજે. ઓગણજ, તા. સીટી (પશ્ચિમ), જી. અમદાવાદની જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૦૭/૦૧/૨૦૧૫ની મુળ અરજી.

(૨) સીટી મામલતદારશ્રી ઘાટલોડીયાની પોરણસરની દરખાસ્ત નં. જમીન/બીનખેતી/એસ.આર. ૦૮/૨૦૧૫, તા. ૨૧/૦૧/૨૦૧૫.

(૩) નાયબ કલેક્ટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદ ના તા. ૦૭/૦૨/૨૦૧૫ના પત્ર નં. એસીબી/ ટીએનસી-૩/બીનખેતી ઓગણજ/એસ.આર. ૬૮/૨૦૧૫નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૪) સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો તા. ૦૨/૦૨/૨૦૧૫નો પત્ર નં.યુ.એલ.સી. ઓગણજ/એન.એ. એસ.આર.૭૬/૨૦૧૫નો શ.જ.ટો.મ. સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૫/૦૨/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ. અભિપ્રાય/ ૨૫૧/૨૦૧૫નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૦૩/૦૨/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/બિ.પે. અભિપ્રાય/ એસ.આર. ૪૧૬/૨૦૧૫/ઓગણજનો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા. ૧૯/૦૨/૨૦૧૫નો શેરા નં. એલબી/અપીલ/EWMS No. ૧૩૧૨૩/ ૨૦૧૫/ઓગણજ-૧૪૪૫/૧નો અપીલ / રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) સરકારશ્રી, મહેસુલ વિભાગના તા. ૨૬/૦૫/૨૦૧૫ના પત્ર નં. નશજ/૧૬૨૦૧૫/૧૬૨૩/જ.

(૯) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫, ૬૬, ૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/ ૧૦૧ મુજબ.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

<u>હુકમ</u> :-

અરજદારશ્રી લીલાબેન કાંતિભાઈ બબાભાઈની વિધવા વિગેરે તેઓના ખાતાની મોજે. ઓગણજ, તા. ઘાટલોડીયા, જી. અમદાવાદના સર્વે નંબર ૧૪૪૫/૧, ટી.પી. ૨૨૧, ફા.પ્લોટ નં. ૭૪૨/૧ની ૩૪૯૦ ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજદારશ્રીએ નિયત નમુનાનું સોગંદનામું તથા જે બાંધકામ કરવા માંગે છે તેના સુચિત પ્લાનની નકલ વિગેરે રજુ કરેલ છે.

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ - (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ પોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર વારસાઈ હકકથી ધરાવે છે. આ જમીનના તા. ૨૭/૦૧/૨૦૧૫ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે ખુલ્લી અને પડતર છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઈટલ ક્લીયર છે. સદર જમીનની રહેણાંક હેતુ મેળવવાની અરજદારશ્રીની માંગણી ... અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ

STHAPATYA INFRASTRUCTURE
PARTNER

